| GJPM070002482026 | | ફરીયાદ આવ્યા તારીખ. | : | ૦૮–૦૫–૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|---|
| | | ફરીયાદ રજુ થયા તારીખ. | : | ૦૮–૦૫–૨૦૨૬ | | |
| | | ફરીયાદનિકાલ થયા તારીખ | : | ૦૯–૦૭–૨૦૨૬ | | |
| | | સમયગાળો. | | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૦ | ૦૨ | ૦૧ |

**************************************************

## જાંબુઘોડાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. જાંબુઘોડા.

**************************************************

**ક્રિમીનલ કેસ નંબર :૨૨૮/૨૦૨૬**

**આંક : ૧૪**

શ્રી સરકાર ... **<u>ફરીયાદી</u>**

**-:વિરુધ્ધ:-**

**લક્ષ્મીબેન ઉર્ફે લખીબેન લશ્મણભાઇ નાયક, ઉ.વ.પર**

રહે.નિઝરણ ફળીયા, તા.જાંબુઘોડા, જી.પંચમહાલ. ... **આરોપી**

**ગુન્હો :પ્રોહી. એકટની કલમ–૬૫(એ એ) મુજબ...**

------------------------------------

ફરીયાદ પક્ષે : વિ.એ.પી.પી.શ્રી આર.એન.રાઠવા

આરોપી પક્ષે : વિ. વકીલ શ્રી સી.વી.બારીઆ.

------------------------------------

**-: ચુકાદો :-**

(૧) હાલના કામે ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૦૪/૦૪/૨૦૨૬ ના કલાક.૧૭/૪૫ વાગ્યાના સુમારે મોજે નિઝરણ ફળીયા ગામે પોતાના કબજા ભોગવટાના

રહેણાંક ઘરમાં ગેર કાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર–૦૪, કિં.રૂા.૮૦૦/– નો રાખી પ્રોહી રેઇડ દરમ્યાન હાજર મળી આવેલ ન હોઇ, આરોપીએ ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫ (એએ) મુજબનો ગુનો કરેલ હોવા અંગેની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે જાંબુઘોડા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૭૦૩૧૨૬૦૧૦૯/૨૦૨૬ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આગળની તપાસ કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫ (એએ) મુજબના ગુના અંગેનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આ કામમાં કોર્ટ ધ્વારા સમન્સ ઇસ્યુ કરતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા, તેમને ફોજદારી કાર્યરીતીની કલમ–૨૦૭ મુજબ તમામ કેસ પેપર્સ આપવામાં આવેલ અને આરોપી વિરુધ્ધમાં કેસ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી વિરુધ્ધ તહોમતનામું આંક–૦૪ થી ફરમાવી, આરોપીની આંક–૦૫ થી જુબાની નોંધવામાં આવેલ, આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરતા ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) સદરહું કેસની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ. નંબર | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ શૈલેષભાઇ દશરથભાઇ બારીઆની જુબાની | ૦૬ |
| ૨ | ફરીયાદી સુરેશભાઇ લક્ષ્મણભાઇ કણજરીયાનીજુબાની | ૦૯ |
| ૩ | તપાસ કરનાર અમલદાર દલપતસિંહ ગુલાબસિંહ ચૌહાણ ની જુબાની. | ૧૧ |
| ૪ | પંચ જસવંતભાઇ કલ્યાણભાઇ નાયકની જુબાની. | ૧૩ |

**–:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–**

| અનુ. નંબર | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૭ |
| ૨ | ફરીયાદ | ૧૦ |
| ૩ | ડેપ્યુટ હુકમ | ૧૨ |

(૪) ફરીયાદ પક્ષનો રેકર્ડ ઉપરનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લીધા હાલના કામે આરોપીનુ બી.એન.એસ.એસની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન જેટલો પુરાવો ન જણાતા લેવામાં આવેલ નથી. ત્યારબાદ સદરહું કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રીની અને આરોપી તરફે તેમના વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળી.

(૫) ફરીયાદ પક્ષના કેસની હકીકત તથા આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાની જોગવાઈને ધ્યાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.–(૧) શું કરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૪/૦૪/૨૦૨૬ ના કલાક.૧૭/૪૫ વાગ્યાના સુમારે મોજે નિઝરણ ફળીયા ગામે પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરમાં ગેર કાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર–૦૪, કિં.રૂા.૮૦૦/– નો રાખી પ્રોહી રેઈડ દરમ્યાન હાજર મળી આવેલ ન હોઈ, આરોપીએ ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫ (એએ) મુજબનો ગુનો કરેલ છે ?

મુદ્દા નં.–(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. – (૧) નકારાત્મક,

મુદ્દા નં. – (૨) આખરી હુકમ મુજબ.

**-: નિર્ણયના કારણો :-**

(૭) મુદ્દા નં.૧:- હાલના કામે ફરીયાદપક્ષે પંચ સાહેદ શૈલેષભાઇ દશરથભાઈ બારીઆને આંક -૦૬ થી તેમજ બીજા પંચ સાહેદ જસવંતભાઈ કલ્યાણભાઈ નાયકને આંક-૧૩ થી તપાસેલ છે. જે આંક-૦૮ ના પોલીસ રેઈડ દરમ્યાનના પંચનામાના પંચ છે, પરંતુ સદર પંચ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. હાલના આ કામે ફરીયાદી સુરેશભાઈ લક્ષ્મણભાઈ કણજરીયાનાઓને આંક-૦૯ થી તથા તપાસ કરનાર અમલદાર દલપતસિંહ ગુલાબસિંહનાઓને આંક-૧૪ થી તપાસેલ છે તેઓએ આંક-૧૧ ની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં આરોપી તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેટોલીંગમાં કયા વાહનમાં ગયેલ તે દર્શાવેલ નથી. બાતમી કેટલા વાગે મળેલી તે ફરીયાદમાં દર્શાવેલ નથી. બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા રહેણાંકના મકાનો આવેલ છે. ફરીયાદમાં પંચોના નામ જણાવેલ છે. રેડવાળી જગ્યાનો ઘરનો નંબર દર્શાવેલ નથી. પકડાયેલ જથ્થો અંદાજીત દર્શાવેલ છે.

(૮) ફોજદારી કેસોમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ વાજબી શંકા રહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરીયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

(૯) આ કામે **સતીશ મેહરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૯૬(૩) કાઈમ્સ ૮૫** ના ચુકાદામાં નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્તાપિત કુરેલા સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ઔપચારિકતા પુરી કરવાની જરૂર નથી અને વધુમાં

નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે,

***"When the Judge is fairly certain that, there is no prospect of case ending in conviction, the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date."***

(૧૦) ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતા તેમજ **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રઈજીભાઈ ચતુરભાઈ, ૧૯૬૦ જી.એલ.આર.૭૭** ના કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન આપતા ના હોય તેમજ પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખીને સજા કરી શકાય નહી. આ સંજોગોમાં પંચનામાને પંચ સાહેદના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચો સિવાયના સાહેદો પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતા અને હિત ધરાવતા સાહેદો છે, તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરીયાદ પક્ષના પુરાવાને વંચાણે લેતા, સદર મકાન કોની માલીકીનુ હતુ તેનો કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે, તેમ છતાં તપાસ કરનાર અમલદાર દવારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે ત્યારે ફરીયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં ફરીયાદપક્ષના પુરાવાના

વિરોધાભાસના કારણે ફરીયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવાની જોગવાઈઓ મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે તે ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકા રહીત પુરવાર કરી શકેલ ન હોઈ ફરીયાદ પક્ષ મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ::-</u>**

૧. આ કામના આરોપી લક્ષ્મીબેન ઉર્ફે લખીબેન લક્ષ્મણભાઇ નાયક, ઉ.વ.પર રહે.હીરાપુર,તા.જાંબુઘોડા,જી.પંચમહાલ વાળાઓને બી.એન. એસ.એસની કલમ-૨૭૧ (૧) અન્વયે તેઓની સામેના ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એએ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીના રજુ જામીન ખત ભારતીય નાગરીક સુરક્ષા સં હીતાની કલમ-૪૮૧ મુજબ છ માસના સમય સુધી અને અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૦૯ મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૭/૨૦૨૬
મુ.જાંબુઘોડા,

(મિનેષકુમાર વિનોદચંદ્ર પટેલ)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જાંબુઘોડા
કોડ નં.જી.જે.૦૦૬૭૦